

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ગડકરીની હવે 'નાગપુર' પર પકક્ડ છે*
*દિલ્હીની ગાદીએ બેસવાની હોંસીલી તક્કડ છે*
*અકળ છે રહસ્ય 'શ્રી ભાગવતજી'ની કથાનું -*
*'પક્ષ' અને 'સંઘ' વચ્ચે વફાદારીની ટક્કર છે*
*(બેફામ નિવેદનોનું પગેરૂં)*

### હાઈકુ

*સંગઠન માં,*
*કરાવે ફાટફૂટ -*
*સત્તા નો મોહ!*

*'મહારાષ્ટ્ર'નો*
*ઝડપી, ગુપ્ત રીતે -*
*બંધાયો 'પૂલ'*

### ચિંતન

**અવિજ્ઞાતે પરે તત્ત્વે શાસ્ત્રાધીતિસ્તુ નિષ્ફલા ।**
**વિજ્ઞાતેડપિ પરે તત્ત્વે શાસ્ત્રાધીતિસ્તુ નિષ્ફલા ॥**

ઉપરોક્ત શ્લોક 'ડીવાઈન સંસ્કૃત સુભાષિત' માંથી લેવામાં આવેલ છે.

પરમ તત્ત્વનું જ્ઞાન ન થાય તો શાસ્ત્રનું અધ્યયન નિષ્ફળ છે, પરમતત્ત્વનું જ્ઞાન થયા પછી પણ શાસ્ત્રનું અધ્યયન નિષ્ફળ છે.

શાસ્ત્રોના અધ્યયનથી સાચો વિવેક મળે એ વિવેક દ્વારા શરીર-આત્મા અને હું અને ઈશ્વરનો સાચો ભેદ સમજાય છે જો શાસ્ત્રો આ 'જ્ઞાન' ન આપી શકે તો શાસ્ત્રોનું અધ્યયન નિષ્ફળ છે.

પરમ તત્ત્વનું જ્ઞાન થઈ ગયા પછી શાસ્ત્રોની જરૂર રહેતી નથી.

### સુવિચાર

- જેનો તિરસ્કાર કરશો તેનો ભય લાગશે, આ સાપનો, વાઘનો તિરસ્કાર છે તેથી ભય લાગે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જગતનું કામ કરો, તમારું કામ થયા જ કરશે, જગતનું કામ કરશો ત્યારે તમારું કામ એમને એમ થયા કરશે, ને ત્યારે તમને અજાયબી લાગશે - **આપ્તસૂત્ર**
- બૂમો બધી માનસિક છે, શરીરની બૂમો નથી, એટલે મનને કહી દઈએ કે હમણાં બૂમના પાડીશ, કાળ આવશે એટલે મળશે જ - **ઓશો**
- નીચે લોકોને નીચતા સિવાય બીજા કોઈ નીતિનિયમ હોતા નથી - **જયભીખ્ખુ**
- આવી રહેલો કુસમય પોતાનો અણસાર પહેલેથી જ આપી દે છે, પણ એના શિકારને એ સંકેત પહોંચતો નથી - **જન્મભૂમિ**
- તમારી પ્રોડક્ટ સારી હશે તો ગ્રાહક પોતાનું પર્સ ખુલ્લું મૂકવાનો જ છે - **સ્ટીવ જોબ્સ**
- આજનું ઔષધ : કાકડીને ખમણીને તેનો રસ ચોપડવાથી તૈલી ત્વચા સુંવાળી બને છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ અબ્રાહ્મ લિંકનના યુવાનીના દિવસોની આ વાત છે.

એકવાર એમને ખબર પડી કે એમના ગામ પાસેથી પસાર થતી નદીના સામે કિનારે એક વૃદ્ધ નિવૃત્ત ન્યાયાધીશ રહે છે. તેમની પાસે કાયદાના દુર્લભ પુસ્તકોની અંગત લાઈબ્રેરી છે. લિંકને હિંમતપૂર્વક નદી પાર કરી ન્યાયાધીશના ઘરે પહોંચ્યા.

તેમની ધગશ અને જ્ઞાન માટેની મહેચ્છા જોઈ ન્યાયાધીશે લિંકનને પુસ્તકો વાંચવાની પરવાનગી આપી. એના બદલામાં ન્યાયાધીશના ઘરનું નાનું મોટું કામ કરી આપવાનું નક્કી થયું.

ન્યાયાધીશ એકલા રહેતા હોવાથી લિંકન તેમનું જમવાનું બનાવવું, ભઠ્ઠી માટે લાકડા કાપવાનું, ઘરની સાફસફાઈનું ન્યાયધીશ સાથે ચર્ચાઓ કરી. લિંકનમાં તેમને પ્રતિભાના દર્શન કર્યા. લિંકનનો ઉદાર સ્વભાવ જોઈ તેમને વકીલ બનવાના આશીર્વાદ પણ આપ્યા.

લિંકને પણ ફાજલ સમયનો યોગ્ય ઉપયોગ કરી ન્યાયાધીશનું દિલ જીતી લીધું.

# રાજકારણમાં ઉમેરાતા નવા રંગ

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાતમાં પ્રાદેશિક પાર્ટી તરીકે ત્રીજું પરિબળ પ્રસ્થાપિત કરવાના પ્રયાસો આજપર્યંત નિષ્ફળ રહ્યા છે, જેનો ખુદ શંકરસિંહ વાઘેલાને એમણે સ્થાપેય રાષ્ટ્રીય જનતા પાર્ટીનો વીંટો વાળી દેવો પડેલો ત્યારે અનુભવ થયેલો છે. રતુભાઈ અદાણી જેવા પ્રચંડ ગાંધીવાદી નેતાએ ઈંદિરા ગાંધીની નીતિ રીતિથી નારાજ થઈ સ્થાપેલી રાષ્ટ્રીય કોંગ્રેસ કે ચિમનભાઈ પટેલે કોંગ્રેસથી રૂખસદ પામ્યા પછી સ્થાપેલ કિસાન મજદૂર લોકપપક્ષ કિમલોપ)ને ગુજરાતની પ્રજાએ સ્વીકાર્યા નહોતાં. છેલ્લે કેશુભાઈ પટેલ અને કાશીરામ રાણાએ ભારતીય જનતા પાર્ટીથી અલગ થઈ સ્થાપેલ પાર્ટીનો પણ કરૂણ રકાસ થયો હતો અને હવે ગુજરાત જયારે ૨૦૧૯ની ચૂંટણી ભણી અગ્રેસર થઈ રહ્યું છે ત્યારે રાજકારણના અઠંગ ખેલાડી શંકરસિંહ વાઘેલાએ શરદ પવાર દ્વારા સ્થાપિત અને સવિશેષ મહારાષ્ટ્ર પૂરતી અસર ધરાવતી નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી સાથે જોડાઈ ગુજરાતમાં ત્રીજા રાજકીય પરિબળને ચકાસી જોવાની ચેષ્ટા દાખવી છે. ગુજરાતની પ્રજા હરહંમેશ બે પાર્ટીઓના રાજકારણને માન્યતા આપી રહી છે. પોતાની અંગત હેસિયતથી જયંત બોસ્કી કે કાંધલ જાડેજા એકાદ-બે વિધાનસભાની બેઠકો પર વિજેતા બનતા રહ્યા હોય તો તે શરદ પવારના નેતૃત્વના ભરોસાની પ્રતીતિ ન જ ગણાય. પરંતુ ચિમનભાઈ પટેલ અને શંકરસિંહ વાઘેલા જેવા 'માસ લીડર' જયારે કોઈ પાર્ટીને અપનાવે છે ત્યારે તે પાર્ટી માટે એક નવો પ્રદેશ એને આવકારવા તૈયાર બેઠો હોય એવું ભ્રામક વાતાવરણ સરજાતું હોય છે. ત્રીજા પરિબળની જરૂર જ નથી એવું તો કોણ કહેશે? બેઉ મુખ્ય પક્ષોને ચકાસી જોયા પછી ત્રીજા વિકલ્પ માટે પણ તક તો રહે જ. આવા ત્રીજા વિકલ્પો ઉત્તર ભારતમાં સુપેરે ઊપસી શક્યા છે. મહારાષ્ટ્રમાં શરદ પવાર એવા મોટા ગજાના નેતા હતા કે કોંગ્રેસનું એક વગદાર જૂથ એમની સાથે ગયું અને ત્યાં એનસીપીએ શાસનસૂત્રો સંભાળી શકે એવું ગજું પણ કાઢ્યું. પી.એ. સંગનાએ ઉત્તરપૂર્વમાં એન.સી.પી.નો ઝંડો ફરકાવીને એને રાષ્ટ્રીય ઓળખ અપાવવામાં મહત્ત્વનો રોલ અદા કર્યો હતો. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી સંદર્ભે શરદ પવાર અત્યંત મહત્ત્વની ભૂમિકામાં રહેવાના છે તે એમને શંકરસિંહ વાઘલાને આવકારતાં કરેલાં પ્રવચનમાં સ્પષ્ટ થઈ ચૂક્યું છે. ભાજપ વિરોધી પરિબળોને એક મંચ પર લાવવામાં પવાર પાયાની ઈંટ સાબિત થઈ શકશે. એનસીપી જે પ્રદેશમાં જે કોઈ પાર્ટી ભાજપને ટક્કર આપી જીતી શકે એવી હોય એનું સમર્થન કરશે. એ રીતે ગુજરાતમાં કોંગ્રેસ જિતાડવા માટે એનસીપી કમરતોડ પુરુષાર્થ કરશે અને શંકરસિંહ વાઘેલાના સમર્થકો એ રીતે કોંગ્રેસની સાથે રહી ભાજપને હરાવવા સક્રીય બનશે. શંકરસિંહ વાઘેલાને પ્રવેશ આપતાંની સાથે રાષ્ટ્રીય મહામંત્રીની જવાબદારી સોંપી વિચક્ષણ રાષ્ટ્રીય નેતા પવારે એમની અંગત શક્તિ સાથે વાઘેલાની શક્તિનો સમન્વય કર્યો છે અને મહાગઠબંધનના સર્વમાન્ય નેતા તરીકે ભાવિ વડાપ્રધાન પદનો દાવો પણ આડકતરી રીતે મજબૂત કરી દીધો છે.

# ઈચ્છાને સિદ્ધિ સુધી પહોંચાડવા માટે સાધના સહાયભૂત બને



## લાગણીનો મેળો

રસિક વાળંદ

**ઊભા આભનાં નિશાન,**
**તારા ચિત્તમાં સંધાન**
**ઝાઝું જોમ રે ભરી લો દોનું પાંખમાં હોજી,**
**ઊડો ઊડો રે પંખી ! ઊંચા આભમાં હોજી**
**- લાલજી કાનપરિયા**

●●●

મહારાષ્ટ્રનાં પંડિત બોયદેવજીની બાળપણમાં ઠોઠ નિશાળિયાની છાપ, ખૂબ પ્રયત્ન કરે પણ વિદ્યા કોઠે ચડે જ નહિ, સૌ તેમની ટીકા કરે, મહેણા મારે.

એક દિવસ શિક્ષકે કેટલાંક પ્રશ્નો પૂછ્યા. જે બિલકુલ સામાન્ય સમજના પ્રશ્નો હતા, 'બોપદેવ, તું આ જન્મમાં તો શું પણ આવતા જન્મે પણ ભણી શકીશ નહિ, ભણવાનું છોડી મજૂરીએ લાગી જા.'

એ સાંભળીને બોયદેવજી તો ખૂબ નિરાશ થઈ ગયા. પોતાની જિંદગી નિરર્થક લાગી. આપઘાત કરવા કૂવે પહોંચ્યા. કૂવાના કઠોડે ચડી જયાં ભૂસકો મારવા જાય છે, ત્યાં જ તેમની નજર કૂવાના થાળામા પથ્થર પર પડી. એક ક્ષણે એ થંભી ગયા. થાળાના પથ્થર પર જયાં રાંઢવા ઘસાતા હતા. એ જોઈને એમને વિચાર આવ્યો કે કઠોર પથ્થર જો ઘસાઈ જતો હોય તો મારે શા માટે પ્રયત્ન છોડી દેવો જોઈએ ? અને બસ આપઘાત કરવાનું માંડી વાળીને અભ્યાસ કરવા બેસી ગયા. પુનરાવર્તન કરતા રહ્યા, છેવટે તેમને સફળતા મળી. વિદ્વાન તરીકે પંકાયા જ નહિ, પણ પાણિનીના વ્યાકરણ પર ભાષ્ય લખ્યું.

દેવગિરિના રાજ પંડિત પણ બન્યા.

દોસ્તો, 'મનુષ્યઃ જાનાતિ, ઈચ્છતિ યયતે' અર્થાત માણસ પહેલાં કોઈ વસ્તુના પરિચયમાં આવે છે, એને જાણે છે પછી તેને પ્રાપ્ત કરવાની ઈચ્છા સેવે છે અને ત્યારબાદ તેને મેળવવા માટે પ્રયત્નશીલ બને છે. ઈચ્છાને સિદ્ધિ સુધી પહોંચાડવા માટે સાધના સહાયભૂત બને છે. સાધના વગર સિદ્ધિ મળતી નથી. સંસ્કૃતના સુભાષિતમાં કહેવાયું છે :

**ઉદ્યમેન હિ સિદ્ધયન્તિ કાર્યાણિ ન મનોરથૈ :**
**નહિ સુપ્તસ્ય સિંહસ્ય પ્રવિશન્તિ મુખે મૃગાઃ ॥**

'ઉદ્યમથી જ કાર્યો સિદ્ધ થાય છે, નહિ કે કેવળ મનોરથોથી. સૂતેલા સિંહના મોઢામાં પ્રાણીઓ સ્વયં આવીને પડતા નથી.'

મિત્રો, આપણે જયારે સાધનાની વાત કરીએ છીએ ત્યારે સાધના કરનાર - સાધક ત્રણ પ્રકારના હોય કેટલાકને વિઘ્નોનો ભય સતાવતો હોય પરિણામે કાર્ય કરવાનું માંડી વાળનાર - નિમ્નસ્તરના સાધકો, બીજા સેવા સાધકો કે જેઓ કાર્ય આરંભે છે પરંતુ વચમાં વિઘ્નો આવતાં જ કાર્યને પડતું મૂકનારા - મધ્યમ કક્ષાના સાધકો જયારે કેટલાક અપવાદરૂપ જૂજ એવા કે જેઓ ગમે તેવા વિઘ્નો વચ્ચે પણ આરંભેલ સાધના પ્રણાન્તે પણ પૂરી કરનારા ઉત્તમ જનો... સાધના એટલે કઠોર પરિશ્રમ જેમાં ધૈર્ય, સાતત્ય અને સદ્ભાવ ભળેલા હોય.. મહર્ષિ પતંજલિએ યોગસૂત્રમાં લખ્યું છે : 'સ તુ દીર્ઘકાળ નૈરન્તર્ય સત્કારાસેવિતો દઢભૂમિઃ' - અભ્યાસ લાંબા સમય સુધી, સતત અને સત્કાર પૂર્વક ચાલવો જોઈએ. આ બાબત સાર્વજનિક છે, છતાં અપવાદરૂપ વીરલા જ માર્ગે ચરમને પામી શકે છે. ગીતાકાર ભગવાન યોગેશ્વર કહે છે :

**'મનુષ્યાણાં સહસ્રેષુ કશ્ચિત યતતિ સિદ્ધયે ।**
**યતતામપિ સિદ્ધાનામ્ કશ્ચિન્મા વેતિ તત્ત્વતઃ ॥'**

**(ગીતા અ.૭. શ્લોક-૩)**

અર્થાત્ હજારો મનુષ્યોમાં કોઈ જ સિદ્ધિને માટે યત્ન કરે છે, અને એ યત્નશીલ સિદ્ધોમાંનો કોઈ જ મને તત્ત્વતઃ જાણે છે. આ સામાન્યવાત નથી. આઝાદી પ્રાપ્તિના એ જમાનામાં 'સિર જાવે તો જાવે પર આઝાદી ઘર આવે.' દેશભક્તોની આવી કઠોર અને અડગ સાધનાને કારણે આ દેશને આઝાદી સાંપડી છે, સાધના પરાણે ન થાય એમાં તો સચ્ચાઈ ભરી લગન અને ભારોભાર સમર્પણનો રંગ ભળેલો હોય છે... આવો સાધકો જ સિદ્ધિના અધિકારી બની શકે !!!

**સ્પર્શમણિ :**

ઈસુખ્રિસ્તે કહ્યું, હું 'ઈશ્વર'નું સંતાન છું...

મોહમ્મદ પયગંબરે કહ્યું હું 'ઈશ્વર'નો સંદેશાવાહક છું...

મહાવીરે કહ્યું 'ઈશ્વર' મારામાં વિદ્યમાન છે...

ફક્ત શ્રીકૃષ્ણે કુરુક્ષેત્રમાં છાતી ઠોકીને કીધું હે અર્જુન હું જ 'ઈશ્વર' છું.

●●●

આ પૃથ્વી પર બે જણ સુખી છે એક બાળક અને બીજો ગાંડો.

તમારું લક્ષ્ય સિદ્ધ કરવા ગાંડા બનો અને તમારી પાસે જે કંઈ છે, તે માણવા બાળક બનો.

rasikvaland1965@gmail.com
Mo. 9913426949

# કોઈ પુરુષની ક્ષમતા નથી કે સ્ત્રીના અસ્તિત્વને સમજી શકે, એના માટે સ્ત્રીને સાચા અર્થમાં સન્માનવાનું કે સમજવાનું શક્ય નથી હોતું



## અબીલ-ગુલાલ

મમતા રાવલ

તાજેતરમાં એક એવા મેળાવડામાં જવાનું થયું જ્યાં રોમાંચ હતો...ખુશી હતી સાથે થોડી કસક પણ હતી. પાંત્રીસ વર્ષ પહેલાં જે શાળામાં અભ્યાસ કર્યો હોય...ત્યાંથી અચાનક આમંત્રણ આપવા ફોન આવે અને એ પણ પિતૃગૃહેના નામ-અટક સાથે ત્યારે જે લાગણી અનુભવાય એને શબ્દ સ્વરૂપ આપવું શક્ય નથી. શાળાના સુવર્ણજયંતિ મહોત્સવ નિમિત્તે, એ ગર્લ્સ હાઈસ્કુલની અત્યાર સુધીની તમામ વિદ્યાર્થીનીઓ આમંત્રિત હતી. એમાં સન્માન પામનાર જૂજ વિદ્યાર્થીની ઓની યાદીમાં સ્થાન પામીને હર્ષ અને ગૌરવની લાગણી થઈ. શિક્ષણમંત્રી અને અન્ય મહાનુભાવોની હાજરી થી શાળાના મહોત્સવની ઊજવણી રોનકદાર બની હતી.

અનેક વોટ્સએપ મેસેજીસ એવું તત્વજ્ઞાન ફેલાવતા રહે છે કે, અમુક ઉંમર પછી સ્ત્રીએ પોતાના માટે જીવવું જોઈએ અને એમ કરવામાં પરિવાર અને સમાજે એને સાથ અને સમર્થન આપવાં જોઈએ

આમંત્રિત વિદ્યાર્થીનીઓના કક્ષમાં ઉંમરના વિવિધ તબક્કાવાળી સ્ત્રીઓ ઉપસ્થિત હતી. ૨૫-૩૦ વર્ષથી શરૂ કરીને ૬૫-૭૦ વર્ષ સુધીની બહેનોથી આખો હોલ ભરેલો હતો. એ દરેક વ્યક્તિ પોતાને આજના દિવસે વિદ્યાર્થીની સ્વરૂપે મહેસુસ કરતી હતી. દરેકના હાવભાવ અને હલનચલનમાં એજ શાળા અવસ્થાની ચંચળતા, મુગ્ધતા અને રોમાંચ અનુભવાતો હતો, એ જોવા-માણવાનો ખૂબ આનંદ આવ્યો. એકબીજાને મુક્તપણે આવકારી... ગળે મળી થતી ખુશીની અભિવ્યક્તિએ ઉંમર ભૂલાવી દીધી હતી... કેટલાય સુખ-દુઃખ, ચિંતા-જવાબદારીથી પર થઈને બધાજ માત્ર વિદ્યાર્થીની અને એકમેકની બહેનપણીઓ જ હતા. અને શાળા પ્રાંગણના ખૂણાઓ અને જગ્યાઓના સંસ્મરણો તાજા કરવામાં મશગુલ હતા... કેટલા સરસ દ્રશ્યો હતાં આ... અનેક વોટ્સએપ મેસેજીસ એવું તત્વજ્ઞાન ફેલાવતા રહે છે કે, અમુક ઉંમર પછી સ્ત્રીએ પોતાના માટે જીવવું જોઈએ અને એમ કરવામાં પરિવાર અને સમાજે એને સાથ અને સમર્થન આપવું જોઈએ. વાત તો એકદમ સાચી છે. પણ વાસ્તવિક રીતે એવું કેટલા અંશે શક્ય બને છે !!

અનેક વોટ્સએપ મેસેજીસ એવું તત્વજ્ઞાન ફેલાવતા રહે છે કે, અમુક ઉંમર પછી સ્ત્રીએ પોતાના માટે જીવવું જોઈએ અને એમ કરવામાં પરિવાર અને સમાજે એને સાથ અને સમર્થન આપવું જોઈએ. વાત તો એકદમ સાચી છે. પણ વાસ્તવિક રીતે એવું કેટલા અંશે શક્ય બને છે !! માતા-પિતાના ઘરે સંસ્કાર-સમજદારી અને શિક્ષણના પાઠ ભણતાં-ભણતાં જીવનના શરૂઆતના વર્ષો અલ્લડતામાં વીતી જાય છે એટલામાં પતિગૃહે વિદાય થવાની વેળા આવી જાય છે. ત્યાં જઈને બીજા ૨૫ વર્ષ જીવનનો પૂર્વાર્ધ ખર્ચાઈ જાય છે. અનેક આરોહ-અવરોહ, ઘર-વડીલો-બાળકોની જવાબદારી વચ્ચે સંતાકૂકડી રમતો સમય પૂરપાટ વહી જાય છે. આ સમયમાં જાત સાથે રહેવાનો અવકાશ સાંપડતો જ નથી. બધાજ સંબંધો-વ્યવહારો સચવાઈ જાય છે, પણ જાત સાથે વધુ નાતો કેળવવાનો અવસર ચૂકી જવાય છે. આ હકીકતનું પણ ત્યારે ભાન થાય છે જ્યારે ઉંમરનો પૂર્વાર્ધ સમાપ્ત થવામાં હોય છે...

માતા-પિતાના ઘરે સંસ્કાર-સમજદારી અને શિક્ષણના પાઠ ભણતાં-ભણતાં જીવનના શરૂઆતના વર્ષોઅલ્લડતામાંવીતી જાય છે એટલામાં પતિગૃહે વિદાય થવાની વેળા આવી જાય છે. ત્યાં જઈને બીજા ૨૫ વર્ષ જીવનનો પૂર્વાર્ધ ખર્ચાઈ જાય છે. અનેક આરોહ-અવરોહ, ઘર-વડીલો-બાળકોની જવાબદારી વચ્ચે સંતાકૂકડી રમતો સમય પૂરપાટ વહી જાય છે. આ સમયમાં જાત સાથે રહેવાનો અવકાશ સાંપડતો જ નથી. બધાજ સંબંધો-વ્યવહારો સચવાઈ જાય છે, પણ જાત સાથે વધુ નાતો કેળવવાનો અવસર ચૂકી જવાય છે.

આ હકીકતનું પણ ત્યારે ભાન થાય છે જ્યારે ઉંમરનો પૂર્વાર્ધ સમાપ્ત થવામાં હોય છે...શરીરમાંથી ઈસ્ટ્રોજન હોર્મોન વિદાય લેવાનો એલાર્મ વગાડે છે. સ્ત્રીનું માનસ અને શરીર જેના પ્રભાવતળે હોય છે એવા આ અંતઃસ્ત્રાવની ગેરહાજરી સૂચક રીતે અનુભવાય છે. સ્ત્રીનું સંવેદનશીલ મન-હૃદય આ તબક્કે અંદરથી કડડભૂસ સ્થિતી અનુભવે છે. કોઈ અવાજ કે દેકારા વિના ચાલતી આ પ્રોસેસની માત્ર સ્ત્રી જ સાક્ષી હોય છે. જીવનના ભરપૂર તરવરાટવાળા વર્ષો જેમને આપ્યા હોય એ બધા જ પોત પોતાનામાં વ્યસ્ત બન્યા હોય છે...જેને માટે એ ખૂબ મહત્વની વ્યક્તિ હતી એ બધાજ લોકોને જીવનના નવા કેન્દ્રો મળી ગયા હોય છે. આ ઉંમરે મળેલી અચાનક નિવૃતિથી સર્જાતી અસ્વસ્થતા અકળાવી મૂકનારી હોય છે. આ બધું જ જોયા અને અનુભવ્યા પછી પણ જીવનને અને જાતને એજ સ્વરૂપે જાળવી રાખવાની હામ પ્રભુએ માત્ર સ્ત્રીને જ આપી છે. કેટલીક કમજોર ક્ષણોમાં સ્ત્રી મારપીટ, છૂટાછેડા, ડિપ્રેશન કે આત્મહત્યાના બનાવોની ભોગ બને છે.

જ્યારે કીટી પાર્ટીઝની વાત સાંભળવામાં આવે ત્યારે સમાજના લોકો નાકનું ટેરવું ચઢાવે છે. અને "બૈરાને બીજું કામ શું હોય" જેવા અપમાનિત વાક્યો બોલે છે. પરંતુ ક્યારેય કોઈએ સજી-ધજીને કીટી પાર્ટીમાં જતી સ્ત્રીના હૃદયની એકલતાને અનુભવવાનો...એમાં ડોકિયું કરવાનો વિચાર સુધ્ધાં કર્યો નથી હોતો. જે સ્ત્રીઓ નોકરી-ધંધા સાથે જોડાયેલી છે એ પણ એક તબક્કે હૃદયમાં સૂનકાર-ખાલીપો અનુભવે છે. પણ મોટે ભાગે સ્ત્રી પોતાની અનુભૂતીને શબ્દસ્વરૂપ આપતી નથી. એક નહીં તો બીજી રીતે પોતાની ઉંમરના આ સંધિકાળને સારી રીતે જીવી નાંખવાના નુસખા એ શોધી લે છે.

બાળકોના જન્મથી માંડીને ઘર સંસાર ચલાવવાની તમામ નાની મોટી જવાબદારીઓ નિભાવતાં શરીર અને હૃદયથી તદન નિચોવાઈ ગયેલી હાલતમાં જ્યારે તે અરીસામાં પોતાની જાતને જુવે છે ત્યારે પ્રતિબિંબ પણ એને પ્રોત્સાહન આપતું નથી...આ એક એવી અવસ્થા છે. જેની સૂક્ષ્મતા સમજવી સહેલી નથી. સલાહોની દુનિયામાં એને માટે અનેક સલાહકારો અને શિખામણોની છડી વરસે છે. પોતાનું ગમતું કામ કરવાની સલાહ આપનારને એ ક્યાં ખબર હોય છે કે આટલા વર્ષોમાં પોતાને ગમતું શું અને ના ગમતું શું એ ભેદભાવ સ્ત્રીના જીવનમાંથી ક્યારના ભૂંસાઈ ચૂક્યા હોય છે. એ એના જીવનની દરેક બાબત અને દરેક માણસોને ગમાડતા-ગમાડતા હવે કોઈ બાબત પ્રત્યેનું વિશેષ આકર્ષણ ગુમાવી મૂકી હોય એ તબક્કે એને પસંદગીનું કોઈ કામ ઉપાડવાની સલાહ અપાય છે.

કુદરતે પણ સ્ત્રી શરીરને અગણિત ઊતાર-ચઢાવ બક્ષ્યા છે. જે એના શરીર-મન-હૃદયને સમગ્ર આયુષ્ય દરમ્યાન કનડે છે. ઉંમરનો એક પણ તબક્કો આ ફેરફારોથી બાકાત નથી. આ સ્થિતીમાં સમાજનો એક પણ વર્ગ કે વ્યક્તિ સંપૂર્ણપણે એની પડખે હોતો નથી. અનેક આરોપનામા એના માટે તૈયાર જ હોય છે. ત્યારે કદાચ સ્ત્રી જ, સ્ત્રીની આશા છે. મા-સાસુ-બહેન-બહેનપણી-દેરાણી-જેઠાણી-નણંદ જ કદાચ સધિયારો બનીને સાથ આપી શકે છે. સાથે જોડાયેલા કોઈ પુરુષની ક્ષમતા કે સમય નથી હોતો કે સ્ત્રીના અસ્તિત્વને સમજી શકે. પુરુષ માટે સ્ત્રી હંમેશા કોયડો રહી છે. એના માટે સ્ત્રીને સાચા અર્થમાં સન્માનવાનું કે સમજવાનું શક્ય નથી હોતુ. જીવન વ્યવહારમાં વ્યવહારકુશળ વ્યક્તિ તરીકે જોયેલી સ્ત્રીને ગભરૂ હૃદયની સંવેદનશીલ વ્યક્તિ તરીકે સ્વીકારતાં એ અચકાટ અનુભવે છે. કહેવાય છેને કે "Men are from the mars and women are from the Venus" અને આજ, સ્ત્રીની વિટંબણા છે.

સંસાર છે ત્યારથી આજ દિન સુધી બધું યથાવત્ આમ જ ચાલે છે. અનેક તોફાનો પછી પણ ઝાઝો ફર્ક અનુભવાતો નથી, પરંતુ આભાર એ મેળાવળાનો કે જેણે એવી સ્ત્રીઓના બીજા દસ વર્ષમાં જોમ-ઉત્સાહ અને હુંફાળપ ભરી જીવવાનું બહાનું આપ્યું. જૂના મિત્રો અને માત્ર પોતાના જ કહેવાય એ સંસ્મરણો તાજા કરી આપ્યા. હમણાં તાજેતરમાં જ આવેલી ફિલ્મમાં આજ ભાવનું નિરૂપણ કરતું એક સુંદર ગીત સાંભળવા મળ્યું.

**આ ઓજી મેરા હાથ થામો જી...**
**મેરે સંગ-સંગ ચલો ઔર વહાં બેઠો ના...**
**ઔર થોડા વહાં તસલ્લી સે, અપને ખ્યાલાત કો શેર કરોના...**
**એક બાર બેબી સેલ્ફીશ હોકે, અપને લીયે જીયોના...**

# બે જ મિનિટનું મૌન અમોથી નથી પળાતું



## મનના ઉમંગો

રણછોડ પરમાર

આજે વાત તો મારે બે મિનિટના મૌનની કરવાની છે પણ એ પહેલાં હું તમને એક મિનિટના મૌન સંબંધી આપણા ગાંધીનગરના ગઝલકાર શ્રી કિશોર જિકાદરાનો અદભુત શેર સંભળાવું.

શોકસભામાં કાબર પર પસ્તાળ પડી કે ,
એક મિનિટનું મૌન સુખેથી નથી પળાતું ?

"શહીદોકી ચિતાઓં પર હોંગે હર બરસ મેલે, વતનપે મરને વાલોંકા યહી બાકી નિશાં હોગા." આવું જ્યારે પંદરમી ઓગષ્ટ અને છવ્વીસમી જાન્યુઆરીના છાપાઓમાં વાંચીએ છીએ ત્યારે હૃદય પુલકિત થઈ જાય છે. આ બે દિવસ સિવાય પછી શહીદોને ત્રીસમી જાન્યુઆરીના દિવસ સિવાય કોઈ સંભારતું હશે કે કે કેમ એ ભારે વિચારણાનો પ્રશ્ન છે. અમે નેપાળ પ્રવાસ ગયા ત્યારે વારાણસીમાં કેવલ જ્ઞાનોદય ધર્મશાળામાં ત્રણ દિવસ રહ્યાં હતાં. તેની બાજુમાં એક શહીદ ઉધ્યાન છે. અત્યાર સુધીના યુધ્ધોમાં શહીદ થયેલા વારાણસીના સૈનિકોની સ્મૃતિમાં આ નામ આપવામાં આવ્યું છે. બાગની મધ્યમાં ફરજ પર ઉભેલા એક સૈનિકનું બાવલું ખડું કરવામાં આવ્યું છે. ખુબ જીવંત મૂર્તિ છે. નીચેની બેઠક પર શહીદોનાં નામ લખવામાં આવ્યાં છે.છ શહીદોનાં નામ છે. તેઓ ક્યારે અને કયા યુધ્ધમાં જીવ કુરબાન કરેલા તેની પણ વિગત આપવામાં આવી છે.એક તરફ અંગ્રેજી અને બીજી તરફ હિંદીમાં નામ લખ્યાં છે. આ સ્ટેચ્યુની બાજુમાં વિજયકુમાર સાહની યાદમાં અલગ સ્મૃતિચિન્હ બનાવવામાં આવ્યું છે. અહીં કોઈ ભક્તો ફૂલ ચડાવવા કે માથું ટેકવવા આવતા નથી.બાળકો બાગમાં હિંચકા ખાવા અને વડીલો મોનર્નિંગ વૉક કરવા આવે છે. પ્રવાસીઓ બનારસી સાડીઓ ખરીદવા બેત્રણ ધક્કા દૂર શહેરમાં લગાવી આવ્યા પણ ધરમશાળાની બગલમાં આવેલા શહીદ ઉધાનની કોણ મુલાકાત લે. અરે ભારે ભોજન કર્યા પછી ખાવાનું પચાવવાના બહાને એક આંટો મારી આવ્યાં હોત તો પણ સારું હતું.પણ જવા દો એ વાત.

ગઈ કાલે ગાંધીનિર્વાણ દિન હતો.આપણે સહુ આ દિવસને શહીદ દિન તરીકે પણ ઓળખીએ છીએ. બરોબર અગિયાર વાગ્યાના ટકોરે સરકારે નક્કી કરેલી સાયરન વાગે છે. તે સમયે બધાંએ જ્યાં હોય ત્યાં ઊભા રહી જવાનું હોય છે.ગમે તેવું કામ પડતું મૂકીને બે મિનિટનું મૌન પાળવાનું હોય છે. આખા વરસના ત્રણસો પાંસઠ દિવસોમાંથી કેવળ એક ત્રીસમી જાન્યુઆરીનો એક દિવસ, એમાંય ચોવીસ કલાકની કુલ્લે નવસો સાઈઠ મિનિટમાંથી ફક્ત બે મિનિટ આપણે આપણા શહીદોને યાદ કરી તેને શ્રધ્ધાંજલિ આપવાની થાય છે. કોમી એકતા પ્રાણ ન્યોછવર કરનાર મહાત્મા ગાંધી અને દેશ માટે શહીદી વહોરનાર સર્વે નામી-અનામી વીરોની શહાદતને શ્રધ્ધાંજલિ આપવા માટેનો આ દિવસ છે.પરંતુ પ્રશ્ન એ થાય છે કે શું આપણે બે મિનિટ પણ આપી શકીએ છીએ ખરા ? અથવા બે મિનિટ મૌન પાળવા જાગ્રત હોઈએ છીએ ખરા ?

સ્વાભાવિક છે કે આકાશમાં ઉડતા વિમાન બરાબર અગિયાર વાગ્યના સુમારે પોતાનું ઉડ્ડયન નભવચાળે અટકાવી શકે નહીં. ધમધમાટ દોડતી રેલવે ટ્રેનો કાંઈ તે સમયે ચૂઊઊઊઊઊ..... કરતી બ્રેક મારીને પોતાની ગતિ રોકી ના શકે. એવી રીતે દરિયામાં તરતા જહાજો બે મિનિટ માટે જળમધ્યે થોડા ઊભા રહી શકે? અરે આપણે બસમાં બેઠા હોઈએ અને . આપણું સ્ટેશન આવતા ઊભા થઈ દરવાજા પાસે આવીએ અને બરાબર એજ ટાંકણે સાયરન વાગે તો શું આપણે દરવાજા વચ્ચે લોખંડનો પાઈપ ઝાલીને ઊભા રહી જઈએ ખરા ? ધારો કે કદાચ ઊભા રહીએ, પણ પેલો કંડંક્ટર આપણે ના ઉતરીએ એટલે ઘંટડી વગાડ્યા વગર થોડો રહે ? અને ડ્રાયવર તો તરત જ ભરરરર કરતી બસ દોડાવવાનો ને ? આપણું ઉતરવાનું સ્ટેંડ જતું રહે આપણે આગળના સ્ટેંડેથી ઉતરીને પાછા ચાલતાં આવવું પડે. તેમાંય જો ધર્મપત્નિ સાથે હોય તો કેટલી કચકચ સાંભળવાની થાય ? બે મિનિટનું મૌન એના ઠેકાણે રહે અને બે કલાકનું પ્રવચન સાંભળવાનું થાય કે નહીં ?

આવી બધી વાતોમાં તમે બે મિનિટનું મૌન કદાચ ના પાળી શકો તે સમજી શકાય તેવી વાત છે. પણ તમે કંઈ કહેતાં કાંઈ ના કરતા હોવ, ખુરશીમાં બેઠાં બેઠાં સતત ચોથી સિગરેટ સળગાવીને ટેશથી દમ મારતા હોવ, હોઅલના ટેબલ ઉપર પ્રિયતમાની આંખોમાં આંખો પરોવીને સમયનું ભાન ભૂલી ગયા હોવ, પગ લાંબા કરીને ખાટલામાં કલાકથી પડ્યા હોવ, પાનના ગલ્લે ઊભા ઊભા મિત્રો સાથે ગઈકાલની ભારતે હારેલી મેચનું પોસ્ટમોર્ટમ કરતા હોવ, બગીચાના બાંકડે એકસોવીસનો મસાલો ચાવતાં ચાવતાં દર ત્રણ મિનિટે સાઈડમાં લીલા ઘાસ ઉપર લાલ પિચકારી મારતા બેઠા હોવ અને........ અને આ ત્રીસમી કાન્યુઆરીની બપોરના અગિયાર વાગ્યાની સાયરન વાગે ત્યારે તમારી રોજિંદી પ્રવૃત્તિમાંથી તમે ટસના મસ ના થાવ તો ધિકકાર છે તમને. ફેસબુક ઉપર તમે લખેલા દેશભક્તિના વિચારો આ ક્ષણે નકામા થઈ જાય છે. વાતે બીજાની દેશભક્તિનું મૂલ્યાંકન કરતું તમારું મગજ દેશ માટે કશા કામનું રહેતું નથી. વંદે માતરમ અને ભારતમાતાની જયના ઉદગારો તમારો દંભ બની જાય છે. જો કે આપ ભારતમાતાના સંતાન છો એટલે આ સૂત્રો જોરશોરથી પોકારવાનો આપનો જન્મસિધ્ધ અધિકાર છે. હવે આ બધી કડવી વાતો પડતી મૂકીને કોઈ સારી કવિતાની વાત કરીશું ? વાતની શરૂઆત ગાંધીજીની શહાદતથી કરી હતી તો એમની યાદમાં બે મિનિટના મૌનની જ કવિતા રજૂ કરવાનું યોગ્ય રહેશે, નહીં?

**ગાંધીનિર્વાણ દિને જે કાળ શા પ્હોળાઈને પથરાયલા પોતે હતા !**

**તે સમેટાઈ હવે ક્ષણ ! બે મિનિટનું મૌન ! જે કાળ કેરો સાંઢ શૃંગેથી ગ્રહી હાંકી ગયા, તે આટલે વર્ષે હવે ખુદ બે મિનિટનું મૌન !**

**એ કેટલી મોટી હતી ઘટના ઘટી ઈતિહાસમાં, એ સ્વયં ઈતિહાસ-પાને બે મિનિટનું મૌન !**

**એ પ્હાડના જેવું ઊંચું, અંજાણ્યું પ્હોળું પ્રાણી કો, તે સોયના નાંકેથી સરકે, બે મિનિટનું મૌન !**

**કાળની ભરતી ચઢી કેવી હતી, ત્યારે અહો ! તે ઓટમાં ઓટાઈ થૈ લ્યો, બે મિનિટનું મૌન !**

**તે ત્રીસમી આજે હતી, અગ્યાર વાગ્યાનો સમય ક્યારે ગયો વીતી, ન યાદે, બે મિનિટનું મૌન !**

**તે પછી તો કાળમોજાં કેટલા ઉપરા'પરી બે મિનિટ ગુજર્યા ઉપર લ્યો, બે મિનિટનું મૌન !**

**-ઉશનસ (અરધી સદીની વાચનયાત્રાઃ૪)**